Research Review ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal March 2019, Year - 5 (71)
www.researchreviewonline.com Paper ID : RRJ000036

# ભારતીય સમાજ પર થયેલી આધુનિક શિક્ષણની અસર

પરમાર રમાબેન દિનેભાઈ
મીરામ્બીકા કોલેજ ઓફ એજયુકેશન, રાજકોટ

---

પ્રાચિન યુગમાં તપોવન પધ્ધતિ દ્વારા શિક્ષણ આપવામાં આવતુ હતું. શિક્ષકના સાન્નિધ્યમાં વિદ્યાર્થીઓ રહેતા અને શિક્ષકોનું આચરણ વિદ્યાર્થીઓ કરતા હતા. શિક્ષણમાં તમે શું શીખ્યા અને શું મેળવ્યું તે તમારા વર્તનથી ખબર પડે. તપોવન પધ્ધતિમાં શિક્ષણ કેટલુ મેળવ્યુ તે ડિગ્રીથી નકકી થતુ ન હતું પણ જીવનના આચરણથી નકકી થતુ. જેમ ખોરાકની અસર કાગળ પર નહિ પણ શરીર પર દેખાય તે રીતે શિક્ષણની પરખ પણ વિદ્યાર્થીના જીવન ઉપરથી થતી કે તેણે કેટલુ પચાવ્યું? શિક્ષણ એવી પધ્ધતિથી અપાતુ કે કયારે આપ્યુ અને લીધુ જયારે તેની ખબર પણ ના પડતી. રાજાના છોકરાને રાજય રાજય વહીવટ લક્ષમાં રાખીને, બ્રાહ્મણના છોકરાને બ્રહ્મવિદ્યા અને વેદઅભ્યાસનું શિક્ષણ આપવામાં આવતુ હતું. ઉપનિષદનું જ્ઞાન આપવામાં આવતુ હતું. ઉપનિષદ એટલે પાસે બેસીને જ્ઞાન પ્રાપ્ત કરવું. આ જ્ઞાનમાં ગુરૂ, શિષ્ય વિનમ્રતાથી, વિનયથી, સ્નેહથી, ગુરૂશિષ્યની ભાવના તથા ગુરૂ પ્રત્યેના પૂજયભાવથી શિક્ષણ આપવામાં આવતુ હતું. પહેલાના યુગમાં બાળકને જે શિક્ષણ આપવામાં આવતુ તે સામાજિક લક્ષણ કે જેમાં બાળક તપોવનમાં રહી સંસ્કૃતિનું રક્ષણ કેવી રીતના કરવું તથા સમાજની અંદર સ્થિરતા કેમ લાવવી, માણસ સતતને સતત પ્રભુના સાન્નિધ્યમાં રહે તે પ્રકારનું શિક્ષણ આપવામાં આવતુ હતું. તેમાં બુધ્ધિવાદ કે વૈજ્ઞાનિક વલણના વિકાસને કોઈ સ્થાન ન હતું. પરંતુ અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારબાદ શિક્ષણનું સામાજિક મહત્વ ઘણુ વધી ગયું. વ્યકિતનો સર્વાંગી વિકાસ સાધવા માટે અને જે કાઈ અબૌધ્ધિક હેતુ તેને બદલવા માટે શિક્ષણનું સાધનાત્મક મહત્વ આંકવા લાગ્યું. આનાથી પરંપરાગત ધંધા પ્રણાલી મુજબ જે શિક્ષણ મળતુ ત્યા આધુનિક શિક્ષણ દાખલ કરવામાં આવ્યું

**ભારતીય સમાજ પર થયેલી આધુનિક શિક્ષણની અસર**

**૧) સ્ત્રીના સ્થાન ઉપર અસર :**

સ્ત્રી શિક્ષણને લીધે સ્ત્રીઓને આર્થિક રીતે પગભર બનવાની તક મળી અને રમતો અને વિભિન્ન વ્યવસાયોમાં પણ સ્ત્રીઓએ આગવુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. દા.ત. કલ્પના ચાવલા ભારતની પહેલી મહિલા અવકાશયાત્રી. રમતના ક્ષેત્રે સાનિયા મિર્ઝા વગેરે.. તેમજ શિક્ષણના વિભિન્ન સ્તરે અને વિભિન્ન વ્યવસાયોમાં પુરૂષની જેમ સ્ત્રીઓએ પદાર્પણ કર્યુ છે. આથી સ્ત્રીઓ પરાધિનતામાંથી મુકત થવા સમર્થ બની અને તેઓ સ્વમાનપૂર્વકનું અને ગૌરવભર્યુ જીવન જીવવા શકિતમાન બની છે. સ્ત્રી શિક્ષણે સ્ત્રીઓના બૌધ્ધિક અને વૈચારિક જાગૃતિ વિકસાવી. પરિણામે તેઓ હકકો અને અધિકારો પ્રત્યે વધુ સભાન બની. વિકસેલા સ્ત્રી સંગઠનો આ બાબતની પ્રતિતિ કરાવે છે. શિક્ષણ સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય પુરૂ પાડયું છે. પોતાનું વ્યકિતત્વ વિકસાવવાની અને અભિવ્યકિતની તક પુરી પાડે છે. સ્વપસંદગીના લગ્નની તક પુરી પાડી છે. તેનો કૌટુંબિક દરજજો પણ સુધર્યો છે તથા જાહેર પ્રવૃતિમાં તે લાભ લેતી થઈ છે.

**૨) જ્ઞાતિ વ્યવસ્થા પર અસર :**

શિક્ષણના પરિબળે જ્ઞાતિના બંધનો નબળા પાડવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. શિક્ષણ જ્ઞાતિવિહિન સમાજના આદર્શ તરફનો પ્રવાહ વિકસાવ્યુ તથા આંતરજ્ઞાતિય લગ્ન શકય બન્યા. આધુનિક વ્યવસાયોમાં બધી જ્ઞાતિઓના શિક્ષિતો પ્રવેશ કરવા લાગ્યા. પરિણામે જ્ઞાતિ અને વ્યવસાય વચ્ચેનો અતુટ



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-5-issue-71-march-2019/RRJ000036

ISSN : 2321- 4708
March 2019, Year - 5 (71)
Paper ID : RRJ000036

સંબંધ તુટવા લાગ્યો. અને જ્ઞાતિમાં વ્યકિતગત સામાજિક ગતિશીલતા શકય બની તથા તે વધવા પામી. શિક્ષણને લીધે ખાનપાન, સંપર્ક, ધાર્મિક, નાગરિક જીવન, વ્યવસાય અને લગ્ન પરના જ્ઞાતિના પ્રતિબંધો નબળા પડયા. શિક્ષણને લીધે પરંપરાગત જ્ઞાતિ કોટીક્રમ બદલવા લાગ્યા.

**૩) સંયુકત કુટુંબ પર અસર :**

સંયુકત કુટુંબમાં શિક્ષણને લીધે વિઘટન પેદા થયું છે. શિક્ષિતોમાં અને તેમાં ખાસ કરીને ભણેલી સ્ત્રીમાં વિભકત વસવાટને વધુ પસંદ કરવાનું વલણ જાગ્યુ છે. શિક્ષણના તફાવતથી કુટુંબમાં પેદા થતા આવકના તફાવતને કૌટુંબિક સંઘર્ષ પેદા કર્યા છે તથા મા–બાપ પ્રત્યેની જવાબદારીની ભાવનામાં વધારો થયો છે. નવી પરણેલી ભણેલીસ્ત્રી તેના સાસુના આધિપત્યોનો અસ્વિકાર કરવા લાગી છે. આ ઉપરાંત શિક્ષિત મા–બાપ તેમના સંતાનોને તથા પુત્રવધુને સ્વાતંત્ર બક્ષવા લાગ્યા છે. પરિણામે સંયુકતમાંથી વિભકત કુટુંબનું પ્રમાણ આજે વધારે પડતું જોવા મળે છે.

**૪) આદિવાસી સમાજ પર અસર :**

આદિવાસી સમાજમાં શિક્ષણ વૃઘ્ધિ થતા તેમના સમાજના સામાજિક ગતિશીલતાનું પ્રમાણ વધવા લાગ્યુ છે. શિક્ષિત આદિવાસી યુવકો ઔદ્યોગિક અને આધુનિક વ્યવસાયો તેમજ સરકારી નોકરીમાં પ્રવેશવા લાગ્યા છે. આદિવાસીઓમાં ઉચા જીવનની અને ઉચા દરજજાની મહત્વકાંક્ષા જગાડવામાં શિક્ષણે મહત્વનો ભાગ ભજવ્યો છે. શિક્ષણે આદિવાસીઓને શોષણમાંથી મુકત બનવા શકિતમાન બનાવ્યાછે. હવે તેઓ હિસાબ–કિતાબ તથા લખતા–વાંચતા આવડતુ હોવાથી શાહુકારો અને જમીનદારો તેને છેતરવાનું મુશ્કેલ બની ગયું છે. આદિવાસી સમાજમાં શિક્ષણ પ્રસાર થતા તેઓમાં નવા મૂલ્યોને સ્વિકારવા લાગ્યા છે. તથા બંધારણીય અને કાનૂની હકકો પ્રત્યે તેઓમાં સભાનતા વિકસી છે. શિક્ષણના પ્રભાવ હેઠળ આદિવાસી સમાજમાં નવયુવાન અને ગતિશીલ નેતૃત્વ પેદાથયું છે. અનેક આદિવાસી સમુદાયમાં ઉચ્ચ શિક્ષણ મેળવેલી વ્યકિતઓ નેતા તરીકે આગળ આવ્યા છે. રાજકારણમાં પણ શિક્ષિત આદિવાસી નેતાઓ આગળ આવ્યા છે. આવા નેતાઓ આદિવાસી સમાજમાં પરિવર્તનના એજન્ય તરીકેની ભૂમિકા ભજવવા લાગ્યા છે.

**૫) નગર સમુદાય પર અસર :**

શિક્ષણ શહેરની રચના ઉપર પ્રભાવ પાડી શહેરને બૌઘ્ધિક પ્રવૃત્તિનું નવા વિચારો અને મૂલ્યોનું કેન્દ્ર બનાવે છે. એટલુ જ નહિ પરંતુ આંદોલનો અને પરિવર્તનનું કેન્દ્ર બનાવે છે. પ્રત્યેક શહેરમાં શિક્ષણ કાર્ય કરતી શાળાઓ, કોલેજો અને કેટલાક શહેરોમાં વિશ્વ વિદ્યાલયો હોય છે. કેટલાક શહેરોમાં શિક્ષણ સંસ્થાઓ શહેરના અમુક ભાગમાં કેન્દ્રિત થયેલી હોય છે. જયારે કેટલાક શહેરમાં તે વિકેન્દ્રિત હોય છે. શહેરની શિક્ષણ સંસ્થાઓ આસપાસના ગ્રામજનો માટે આકર્ષણનું અને શિક્ષણનું કેન્દ્ર બને છે. અને તેના લીધે ગ્રામ્ય શહેર સંપર્ક વધે છે.

**૬) ગ્રામિણ સમાજ પર અસર :**

ગ્રામિણ સમાજમાં શિક્ષણ પ્રસારે લોકશાહી, સમાનતા સ્વાતંત્ર્યના મૂલ્યો વિકસાવવામાં ભાગ ભજવ્યો છે. શિક્ષણે ગ્રામિણ સમાજમાં નિમ્ન જ્ઞાતિઓનો તેનો દરજજો ઉચો લઈ જવામાં ફાળો આપ્યો છે. નારી મુકિતની ભાવના અને હકકો પ્રત્યે સભાનતા વિકસાવવામાં નવા નેતૃત્વનું નિર્માણ કરવામાં તેમજ સ્થાનિક તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાના રાજકારણને ગતિશીલ બનાવવામાં શિક્ષણને મહત્વનો ભાગ ભજવ્યો છે. શિક્ષણે ગ્રામિણ સમાજના વલણો, મૂલ્યો અને વર્તન–ઢબ બદલવામાં ભાગ ભજવ્યો છે. ગ્રામિણ સમાજમાં આયોજિત પરિવર્તનની પ્રક્રિયાને સુગમ બનાવવા શિક્ષણ વિકાસ પર વધુ ભાર મુકવામાં આવ્યો.

ISSN : 2321- 4708
March 2019, Year - 5 (71)
Paper ID : RRJ000036

શિક્ષણ પ્રબંધને લીધે ગ્રામિણ સમાજમાં પણ શિક્ષણનું પ્રમાણ ઉત્તરોત્તર વધવા લાગ્યું. આ ઉપરાંત પ્રૌઢ શિક્ષણ અને કાર્યાત્મક શિક્ષણના કાર્યક્રમો આયોજિત સામાજિક પરિવર્તનની પ્રક્રિયા માટે અનુકુળ વાતાવરણ ઉભુ કરે છે. ગ્રામિણ સમાજમાં શિક્ષણના પરિબળોએ સ્ત્રી શિક્ષણ પ્રત્યેના પરંપરાગત વલણો નબળા પડયાછે. અને ગ્રામિણજનોમાં શિક્ષણની ભુખ જગાડી છે અને પોતાના રાજકીય, સામાજિક અને આર્થિક વિકાસ માટે શિક્ષણની અગત્યતા સ્વિકારવા લાગ્યા છે.

## સંદર્ભ

૧) સામાજિક સંશોધન પધ્ધતિઓ
પ્રો. એ.જી.શાહ, પ્રો. જે.કે.દવે, અનડા પ્રકાશન
૨) સામાજિક સમસ્યાઓ
એ.જી.શાહ અને જે.કે.દવે
૩) વસ્તી શિક્ષણ
પ્રિ. ચતુરભાઈ એચ. પટેલ, પ્રો. ડી.એન.જોષી
પ્રો. ડી. ડી. બારડ
૪) વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા
લેખક : રાજેન્દ્ર રાવલ, જે.એસ.આનંદ
૫) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન
એ.જી.શાહ, જે.કે.દવે